અપીલ અરજી નં.૩૪૯ તા.૧૫–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૪–૧૨–૦૯ ની અરજીથી ઘર નં. ૪/૩૬૦ વાળી મિલ્કતમાં કારખાના ચાલુ કરવાની પરવાનગી સુમપા તરફથી આપવામાં આવી નથી તો બીપીએમસી એકટ–૩૧૩ મુજબ તાત્કાલીક ધોરણે કારખાનું બંધ કરવાની જવાબદારી સુમપાની આવે છે? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૪૯/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૪–૧૨–૦૯ ની અરજીથી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં કારખાના ચાલુ કરવાની પરવાનગી સુમપા તરફથી આપવામાં આવી નથી તો બીપીએમસી એકટ–૩૧૩ મુજબ તાત્કાલીક ધોરણે કારખાનું બંધ કરવાની જવાબદારી સુમપાની આવે છે? તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને તબદીલ કરેલ હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં .આરટીઆઈ સેલ/૧૨૧૫ તા.૨૮–૧–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૧૪–૧૨–૦૯ ની અરજીથી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં કારખાના ચાલુ કરવાની પરવાનગી સુમપા તરફથી આપવામાં આવી નથી તો બીપીએમસી એકટ–૩૧૩ મુજબ તાત્કાલીક ધોરણે કારખાનું બંધ કરવાની જવાબદારી સુમપાની આવે છે તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧ ૪૦૭ તા.૧૧–૧–૧૦ થી "વોર્ડ નં.૪ ૩૬૦ વાળી મિલ્કતે આપે રેકર્ડ આધારીત કોઈ માહિતી માંગેલ ન હોય જેથી આપી શકાય નહીં " તેવી માહિતી પૂરી પાડેલ છે. જેના સંદર્ભે અરજદારે નારાજ થઈ તા.૧૫–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. તથા તા.૧૯–૧–૧૦ ની વિવરણ આપેલ છે. જેમાં મુદ્દા નં.૧ માહિતી માંગેલ છે તેનો જવાબ આપવામાં આવેલ છે તે સાચો નથી. તેમજ ખોટો છે અને સંતોષકારક નથી.૨. જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મળેલ છે માહિતી રેકર્ડ આધારીત નથી. તેથી આપી શકાય તેમ નથી. તે વાત ખોટી છે માહિતી રેકર્ડ આધારીત છે અને તે અંગે નીચેના કારણ ધ્યાનમાં લેવા. ૨/૧.૪/૩૬૦ વાળી મિલ્કતના માલીકે કારખાનું ચલાવવાની પરવાનગી નથી લેવામાં આવેલ. તે બાબતે સેન્ટ્રલઝોન અને જાહેર માહિતી અધિકારીએ નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૮૪ તા.૧–૮–૦૭ ના રોજ જણાવવામાં આવેલ છે. ૨/૨ જાહેર માહિતી અધિકારીએ એઆરડી નં.૧૮ એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગ સેન્ટ્રલઝોન તા. ૨૩–૮–૦૭ ના રોજ જણાવવામાં આવેલ છે કે ૪/૩૬૦ વાળી મિલ્કતના આગળના ભાગે ત્રીજા માળે તેમજ પાછળના ભાગે ગ્રા. ફલોર. પહેલો માળ,બીજો માળે જરી મશીન ચાલે છે જેની આકારણી કરવામાં આવેલ છે. તો પછી જાહેર માહિતી અધિકારી કયા આધારે રેકર્ડ આધારીત નથી તેવું જણાવે છે. ૨/૩ મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સી.ઝેડ/એસ એન. ઈ /આ.નં.૨૧૪ તા.૧–૧–૦૭ ના રોજ જણાવવામાં આવેલ છે. ૪/૩૬૦ વાળી મિલ્કતમાં કારખાના ચાલે છે જે કારખાનામાં ૬ કારીગર કામ કરે છે તેવું જણાવેલ છે. આમ સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર ૪/૩૬૦ વાળી મિલ્કતમાં જે કારખાના ચાલે છે. તે કારખાનું ચાલુ કરવા માટે સુમપાના કમિશ્નરશ્રી પાસ ે બીપીએમસી એકટ–૩૧૩ મુજબ પરવાનગી લેવી ફરજીયાત છે. પછી કોઈ પણ પ્રકારનું કારખાનું ચાલુ કરે છે તો બધાને નિયમ લાગે છે. આમ અપીલના મુદ્દા નં. ૨ ના પેટા નં.૨ અને ૩ ને ધ્યાને લેવામાં આવેતો ખબર પડે કે કારખાનું ચાલુ છે તે બંધ કરવાની જવાબ સુમપાની આવે છે. તેવી રજૂઆત કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૨ માં જણાવેલ આધારો જાહેર માહિતી અધિકારીએ આપેલી વિગતો અને મિલ્કત અંગેના છે. પરંતુ અરજદારે કારખાના બંધ કરાવવા અંગેની કોઈ જોગવાઈ કે આધાર રજૂ કર્યા વિના કારખાના બંધ કરાવવાની જવાબદારી સુમપાની આવે છે તેવું વિધાન કરેલ છે. અને તેની માહિતીની માંગણી કરેલ છે. વાસ્તવમાં અરજદારે કોઈ માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું નથી જેથી જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ બહાલ રાખવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૧૨–૦૯ ની અરજીથી અરજદારે કોઈ માહિતી માંગેલ ન હોઈ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પાઠવેલ પ્રત્યુત્તર બહાલ રાખવામાં આવે છે. અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી હેમંત એન. દેસાઈ,